# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૧ ] ઓકટોબર ૧૯૯૨ [ અંક ૪થો

## મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭



# આધ્યાત્મિક કેડી

[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૧ ] ★ ઓકટોબર : ૧૯૯૨ ★ [ અંક ૪ થો

અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વૈશ્વિક મંત્ર પ્રદાન | શાસ્ત્રીજી | ૧ |
| ૐ મા ૐ | શાસ્ત્રીજી | ૮ |
| પરમ શક્તિ મંત્ર | શાસ્ત્રીજી | ૧૧ |
| "મા મને 'મોર' કહે છે..." | શાસ્ત્રીજી | ૧૪ |
| અર્થસભર આદેશ | શ્રીમતી ઉષાબહેન નલિનકાંત શાહ | ૧૯ |
| ઝાંઝરના ઝણકારે | શાસ્ત્રીજી | ૨૨ |
| સમાચાર | ... | ૨૪ |


□

## આપનું ૧૯૯૩ના વર્ષનું લવાજમ 'રીન્યુ' કરાવી લેશો.

★ આ ત્રૈમાસિક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓકટોબર માસમાં પ્રગટ થશે. ★ આપનુ ૧૯૯૨ ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી. ★ પાંચ વર્ષનું એકસામટુ લવાજમ સ્વીકારવામા આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોપા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨



આધ્યાત્મિક કેડી

ઑક્ટોબર : ૧૯૯૨

□

# વૈદિક મંત્ર પ્રદાન

શાસ્ત્રીજી

ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

"આજે ગુરુપૂર્ણિમા છે...

ગુરુપૂર્ણિમાનું પર્વ એટલે ગુરુની આધ્યાત્મિક જન્મજયંતી. ગુરુના લૌકિક જીવનનાં જે વર્ષો વીત્યાં – તેની બાલ્યાવસ્થા, યુવાવસ્થા – તે આધ્યાત્મિકતામાં પ્રવેશ્યા ન હોય; પરંતુ જ્યારથી આધ્યાત્મિક જીવન શરૂ કર્યું હોય ત્યારથી જ તેમના જીવનનાં વર્ષો ગણાય અને આધ્યાત્મિક જીવનનાં જેટલાં વર્ષો પૂરાં કરે, તેની જન્મજયંતી ગુરુપૂર્ણિમાના દિવસે ઊજવાય છે. આમ, ગુરુપૂર્ણિમા એટલે ગુરુની આધ્યાત્મિક જન્મજયંતી.

શિષ્યો માટે ગુરુપૂર્ણિમા એટલે શું ? તેમને માટે ગુરુપૂર્ણિમા એટલે તેમનું March-ending year. એક ગુરુપૂર્ણિમાથી તે બીજી ગુરુપૂર્ણિમા સુધી તેમણે આધ્યાત્મિક ક્ષેત્રે શું શું હાંસલ કર્યું, કેટલા આગળ વધ્યા, મેં જે નવ સૂત્રો આપ્યાં છે એ નવ સૂત્રોનો કેટલો અમલ કર્યો તે તરફ નજર નાખવાની અને સરવૈયું કાઢવાની દરેક શિષ્યની ફરજ થઈ પડે છે. આ રીતે જો દરેક શિષ્ય પોતાનું સરવૈયું કાઢતો રહે તો ખરેખર તે પોતાના જીવનમાં પ્રગતિ–આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે.

હવે, ગુરુનું ઉત્તરદાયિત્વ શું છે? જેમ એક ઘરમાં વડીલ કે દાદા પોતાના કુટુંબ પ્રત્યે નજર રાખે છે, પોતાનાં કુટુંબીજનોનું સતત ધ્યાન રાખે છે, તેમનાં સુખ–સમૃદ્ધિ–આરોગ્ય જળવાઈ રહે, તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે એ જે – તે કુટુંબનો દરેક જવાબદાર વડીલ જોતો હોય છે, એ જ રીતે ગુરુ પોતાના શિષ્ય–સમુદાય તરફ નજર રાખીને તેમના ઉત્કર્ષ માટે, તેમની શારીરિક સુખાકારી માટે, આર્થિક રીતે પણ તેમને મુશ્કેલી ન પડે તેનું અવશ્ય ધ્યાન રાખે છે. પરંતુ તે માટે દરેક શિષ્યે પોતે પણ પ્રયત્ન કરવો આવશ્યક છે. આ માટે હું પણ તમારી પાસે એક જ માગણી કરીશ – મારે બીજી કોઈ ચીજ નથી જોઈતી – માત્ર મારે તમારો પ્રેમ જોઈએ... એ પ્રેમ પણ કેવો ? લૌકિક નહિ, દિવ્ય પ્રેમ ! આધ્યાત્મિક પ્રેમ ! બસ, એ પ્રેમ મને આપો; પછી તમે ગમે ત્યાં હો અને મને પુકાર કરો, હું ચોક્કસ તમારી પાસે આવી પહોંચીશ અને તમારા માથા પર એક છત્રી ધરીને ઊભો રહી જઈશ !

ઘણાં ભક્તો કહે છે કે ગાયત્રીમંત્ર ખૂબ મોટો પડે છે, અમને ગાયત્રીમંત્ર કરતાં ઘણો સમય લાગે છે, વગેરે. વળી, ઘણાં નિરક્ષર ભાઈ–બહેનોને ગાયત્રીમંત્ર આવડતો ન હોવાથી ફક્ત માતાજીને પગે લાગીને 'ગાયત્રીમાતા, ગાયત્રીમાતા' કરે છે...પણ એમ કરવું યોગ્ય નથી. 'ગાયત્રીમાતા' એ બરાબર છે પરંતુ તે તો આપણે પૃથ્વી પર આપેલું એક લૌકિક નામ છે. સ્વયંભૂ જે શક્તિ છે તેને – તે શક્તિને 'ગાયત્રી' એવું લૌકિક નામ અપાયું. જેમ સરસ્વતી, મહાલક્ષ્મી, ચામુંડા, નવદુર્ગા વગેરે જે–જે માતાજીના, શક્તિનાં નામ આપ્યાં છે તે લૌકિક નામ આપ્યાં છે. શ્રીકૃષ્ણ, શ્રીરામ વગેરે પણ પરમાત્માના લૌકિક જગતનાં નામો છે. તેથી, ગાયત્રીમાતા એ પણ એક લૌકિક નામ જ છે.

છેલ્લા છ મહિનાથી હું વિચારતો હતો કે મારે એક ટૂંકો મંત્ર આપવો કે જે દરેક ધર્મને, સંપ્રદાયને અને વિશ્વભરના માનવબંધુને આવકાર્ય હોય. પછી તે માનવ ભલે ગમે તે કોમ, ધર્મ કે સંપ્રદાયનો હોય – તે મનુષ્ય હોવો જોઈએ. હું છેલ્લા છ મહિનાથી આવા કોઈ મંત્રની શોધ માટે મનોમંથન કરતો હતો. માતાજી સાથે પણ – (મારે ન કહેવું જોઈએ છતાં) ઘણીવાર મેં વિચાર વિમર્શ મેં કર્યા કે એક ટૂંકો મંત્ર મૂકવો જે દરેકને આવકાર્ય હોય, સ્વીકાર્ય હોય અને આખા જગત ઉપર તેનું આધિપત્ય જન્માવે. વળી, તેમાં લૌકિક જગતનું કોઈપણ–દેવીદેવતાનું–નામ ન આવે.

એ મંત્ર હું તમને આપું છું આજે. તેના ફક્ત ત્રણ જ અક્ષર છે:

## ૐ મા ૐ ॥

આ મંત્ર વિશે વાત કરું તો એક 'મા'માં સમગ્ર જગત–સમગ્ર બ્રહ્માંડ સમાયેલું છે. ! આખા ગાયત્રીમંત્રનું નિરૂપણ આ 'મા' શબ્દમાં આવી ગયું. કારણ કે, કોઈપણ શક્તિ–મા સ્વરૂપે પ્રગટે છે તેથી એક 'મા' શબ્દમાં અત્યારે શક્તિના જે–જે મંત્રો છે તે સર્વનું સિંચન થયેલું છે તેથી આપણે આ નવો મંત્ર કરીશું –

ૐ મા ૐ બોલો, ૐ મા ૐ (ઉપસ્થિત શિષ્યગણ હર્ષાવેશમાં ભાવવિભોર થઈ પ્રસ્તુત મંત્રને ઝીલી લે છે...જય જયકાર થાય છે.)

આ મંત્ર દરેક ધર્મ, કોમ અને સંપ્રદાયને સ્વીકાર્ય હશે. આ મંત્ર કોઈ ચોક્કસ ધર્મ કે સંપ્રદાયનો નથી. ૐ આદિ–અનાદિકાળથી ચાલ્યો આવે છે. મા શબ્દ તો વૈશ્વિક છે. માટે, આ મંત્ર "ૐ મા ૐ" છે; મા એ શક્તિરૂપે છે. લૌકિક રીતે જોઈએ તો મા બાળકને જન્મ આપ્યા પછી તેની પાછળ કેટલું–કેટલું કરે છે! તેની દેખભાળ, તેને મોટો કરવો, ભણાવવો, આગળ વધારવો ઉપરાંત તેનો ઉત્કર્ષ થાય તે સર્વ દેખરેખ મા રાખે છે...તો પછી આ તો જગતની મા! જગતજનની...! એને પોતાના દરેક બાળક માટે ઇચ્છા હોય કે મારું બાળક આગળ વધે, તેનો ઉત્કર્ષ થાય અને તે સર્વ રીતે સુખી થાય. તેથી, આ મંત્ર તમે કરી જોજો. કરશો તો ખૂબ ખૂબ ફાયદો થશે. આ મંત્ર મેં માતાજી સાથે ખૂબ ખૂબ વિચારવિમર્શ કર્યા બાદ તેમની પ્રસન્નતાપૂર્વકની અનુમતિથી જ આપ્યો છે... આ મંત્ર મારો વ્યક્તિગત મંત્ર નથી, વૈશ્વિક મંત્ર છે.

મારી તો એવી ઇચ્છા છે કે આખું જગત – બધાં જ સુખી રહે, આનંદમાં રહે.

હું પરમતત્ત્વને–માતાજીને પ્રાર્થના કરું છું કે કરોડો વર્ષો બાદ પૃથ્વી પ્રલય પામે અને પુનઃ નવી સૃષ્ટિનું સર્જન કરવાનું હોય ત્યારે તેની સમિતિમાં તું મને બોલાવજે! મેં હજુ મોક્ષની માગણી કરી

નથી એટલે હું જ્યાં હોઉં ત્યાંથી મને બોલાવી લેજે; હું મારાં સૂચનો આપીશ. મા જે સમિતિ બનાવશે તેમાં મારા વિચારો મૂકીશ અને જો એ સૂચનોનો અમલ થાય તો સ્વર્ગ સમી એક આનંદદાયક સૃષ્ટિ ઉત્પન્ન થાય!

**એક દિવ્ય, રમ્ય અને આનંદમય સૃષ્ટિ વિશેના મારા જે વિચારો છે તે હું રજૂ કરું છું.**

* * * પ્રથમ તો પૃથ્વી પર કોઈપણ બાળકનો જન્મ થાય ત્યારે તેના મગજમાં–જન્મથી જ–મેં આપેલા નવ સિદ્ધાંતોનું નિરૂપણ થયેલું હોય...જન્મ પામનાર બાળકને તે નવ સિદ્ધાંતોનો પહેલેથી જ ખ્યાલ હોય કે મારે આ સિદ્ધાંતો પ્રમાણે જ જીવન વીતાવવાનું છે. બસ, પછી તો કોઈને કોઈની સાથે ઈર્ષ્યા, જૂઠ, વેર-ઝેર, અદેખાઈ – કશું જ ન રહે. સૌ પોતાના આનંદમાં રહે.

* * * બીજું, જે બહેનો બાળકોને જન્મ આપે છે તેમને માટે એ નવ માસનો સમય બહુ કષ્ટદાયક હોય છે. તેથી એ સમય સત્તાવીસ દિવસનો કરી દેવામાં આવે. એક મહિનો બરાબર ત્રણ દિવસ. ગર્ભસ્થ શિશુનો જે એક મહિનામાં વિકાસ થતો હોય તે ત્રણ દિવસમાં થાય; સત્તાવીસ દિવસે તે જન્મ ધારણ કરે. જન્મ પછીના સત્તાવીસ દિવસે દરેક બાળક બોલતું ને ચાલતું થઈ જવું જોઈએ... તમે જોશો કે ગાયનું વાછરડું જન્મતાંની સાથે જ બોલતું–ચાલતું થઈ જાય છે; તો મનુષ્યનું બાળક કેમ ન થાય? થઈ શકે! વળી, આમ થવાથી માતા પણ તે સમયમાં બાળકનું ધ્યાન રાખી શકે અને તેને સારી રીતે કેળવી શકે.

---

**છેલ્લા છ મહિનાથી હું વિચારતો હતો કે મારે એક ટૂંકો મંત્ર કે જે વિશ્વના દરેક મનુષ્યને આવકાર્ય હોય તે મૂકવો. ઘણા જ મનોમંથનને અંતે માતાજીની સાથે પરામર્શ કર્યા પછી તેમના જ આદેશથી 'ૐ મા ૐ' મંત્રને આપ સમક્ષ વહેતો કરું છું.**

---

* * * ત્રીજું, વિશ્વના દરેકે દરેક મનુષ્યને પોતાની જરૂરિયાત મુજબ બધું મળવું જ જોઈએ. તે પ્રમાણેના આર્થિક–ઉપાર્જનનું આયોજન થવું જોઈએ. મનુષ્યને કોઈની પાસે કોઈ લાચારીનો અનુભવ કરવો ન પડે. 'મારે આ જોઈએ–તે જોઈએ' એ પ્રમાણે ક્યારેય કહેવું ન પડે. 'મારી પાસે આ નથી, તે નથી' એવું લાઘવ તેને પીડે નહિ તે માટે એવી રીતે વહેંચણી થવી જોઈએ કે તેને સરળતાથી બે ટંકનું ભોજન, સૂવું-બેસવું, રહેવાનું ઘર વગેરે મળી જાય. એટલે મનુષ્યોમાં પરસ્પર ઈર્ષ્યા–અદેખાઈ રહે નહિ. આ વ્યવસ્થા સમસ્ત વિશ્વ માટે હોવી જોઈએ...એકલા હિન્દુસ્તાન માટે નહિ!

* * * નવી સૃષ્ટિમાં વિશ્વનો મારો કોઈપણ માનવબંધુ અંધ ન હોવો જોઈએ! આંખો પર હાથ ફેરવી દૃષ્ટિ આપવાની શક્તિ મને માતાજી આપે કે ન આપે પરંતુ મારી આ ખાસ વિનંતી છે કે ફરીથી જ્યારે જગત ઉત્પન્ન થાય ત્યારે કોઈપણ માનવબંધુ અંધ ન હોય. દરેક મનુષ્ય દેખતો હોવો જોઈએ.

* * * બીજી એક બહુ મહત્ત્વની બાબત છે: આખા વિશ્વની ભાષા અને ધર્મ એક જ હોવા જોઈએ! આખા વિશ્વ પર એકચક્રી ભાષા અને ધર્મ! એટલે કોઈ ધર્મના વિતંડાવાદ નહિ, કોઈ ધર્મના ઝઘડા નહિ, ભાષાના ઝઘડા નહિ ... આખું જગત શાંત. આપણા હિન્દુસ્તાનમાં પણ કેટલી ભાષાઓ છે! ગુજરાતી મદ્રાસમાં જાય તો ત્યાંની ભાષા ન આવડે, મદ્રાસીને ગુજરાતી ભાષા ન આવડે...એટલે એક

જ ધર્મ અને ભાષા સમગ્ર વિશ્વ પર હોય તો માનવ સરળતાથી ગમે ત્યાં જઈ-આવી શકે, હરી-ફરી શકે, પોતાનું કાર્ય કરી શકે. આ બહુ મહત્ત્વની વાત છે.

* * * આપણે મનુષ્યની વાત કરી, પણ પશુઓ ને પક્ષીઓ ય ઉત્પન્ન કરવાનાં ને! તે વખતે ખાસ જોવાનું કે કોઈ હિંસક પ્રાણી ઉત્પન્ન ન થાય. એટલે કોઈ પ્રાણી કે પશુ અન્યને ઈજા ન કરી શકે. વાઘ, સિંહ, સર્પ વગેરે હિંસકવૃત્તિવાળાં પ્રાણીઓ ન હોય. સ્થળચર નભચર કે જળચર જેટલાં પ્રાણી-પક્ષીઓ હોય તેમનામાં હિંસકવૃત્તિ કે આસુરી તત્ત્વ ન હોવું જોઈએ.

હવે જો પ્રાણી-પશુ હિંસક ન હોય તો શસ્ત્રોનું ઉત્પાદન પણ ન કરવું પડે...અને દુનિયામાં એવું થવું જોઈએ કે કોઈપણ શસ્ત્રની ફેક્ટરી જ નહિ, કોઈપણ હથિયાર – બંદૂક, રિવૉલ્વર, રાયફલ, ઘાતક કોઈ ચીજ નહિ! ફક્ત શાકભાજી સમારવાના કે લાકડા કાપવાનાં ઓજારો જ હોય, મનુષ્યને મારવા માટેનાં નહિ.

* * * અત્યારે પૃથ્વીના ત્રણ ભાગમાં પાણી અને એક ભાગમાં જમીન છે, તેને બદલે બે ભાગ પાણી અને બે ભાગ જમીન હોવી જોઈએ; જેથી માનવજાતને જમીન વધારે મળે તો તે વિકસાવી શકે. વળી જે સમુદ્ર ખારો છે તે ખારો નહિ પણ મીઠો હોવો જોઈએ! ભલે મીઠા (લવણ) માટે અન્ય ખડકો ઉત્પન્ન થાય ને ત્યાંથી મીઠું ખોદી લવાય. જેમ જમીનમાંથી મેંગેનીઝ, કોલસો વગેરે નીકળે છે તેમ ભૂગર્ભમાંથી મીઠાનું ઉત્પાદન થાય...પણ સમુદ્ર તો મીઠો જ હોવો જોઈએ જેથી પાણીની અછત ન રહે. સ્ટીમર દસ દિવસ સમુદ્રમાં ચાલતી હોય તો તેને પીવાનું પાણી ભરવું ન પડે, દરિયામાંથી જ પાણી લઈ શકાય.

---

**મેં હજી મોક્ષની માગણી કરી નથી. હું માતાજીને-પરમતત્ત્વને વિનંતી કરતો રહું છું કે કરોડો વર્ષ પછી જ્યારે નવી સૃષ્ટિનું નિર્માણ થાય ત્યારે તેની સમિતિમાં મને બોલાવે, સ્વર્ગ સમી, આનંદદાયક અને સંગીતમય સૃષ્ટિ અંગેનાં મારાં સૂચનો-મંતવ્યો હું રજૂ કરીશ.**

---

* * * બીજી એક મહત્ત્વની વાત – ગાયકો અને સંગીતકારોને ખૂબ ગમશે કે અત્યારે પશુ-પક્ષીઓને જે અવાજ કુદરતે આપ્યા છે તેને બદલે તેમને સંગીત અપાય. કાગડો 'કા...કા' કરે છે તે 'કા...કા' કરવાને બદલે 'ૐ' બોલે! દરેક પક્ષીઓ સંગીતના જુદા-જુદા સૂર કાઢે...કોયલ, મોર વગેરે ટહુકા કરે છે, ચકલી ચીં...ચીં...કરે છે, ગધેડા હોંચી...હોંચી...કરે છે તેને સ્થાને દરેક પશુ-પક્ષી સંગીતના જુદા જુદા સાજ વગાડે! કોઈ સારંગી વગાડે, કોઈ તબલું તો કોઈ હાર્મોનિયમના સૂરો વગાડે, ગધેડા સા રે ગ મ પ ધ ની સા બોલે...એ રીતે સુમધુર સંગીતના સૂર જે-તે પશુ-પક્ષીના મુખેથી રેલાય... બિલાડી, કૂતરો બધાં જ પ્રાણીઓ અને પક્ષીઓને કર્ણપ્રિય સંગીત આપી દેવું જોઈએ...એટલે આખી દુનિયા સંગીતમય—સંગીતમય દુનિયા!

* * * મને તો હજુ આગળ એવી ઇચ્છા છે કે કોઈ હૉસ્પીટલ ના હોવી જોઈએ દુનિયામાં! દરેક મનુષ્ય તંદુરસ્ત જ હોવો જોઈએ...છેક સુધી! બસ, એને જવાનો સમય-મૃત્યુ-આવે ત્યારે હસતો-બોલતો-હસતો-ફરતો જ ચાલ્યો જાય! હા, સમય નિશ્ચિત હોય તેના આયુષ્યનો; પણ એ રીબાય, હૉસ્પીટલમાં જાય – અહીં કોઈ ડૉક્ટર હાજર હોય તો માઠું ન લગાડશો, આ તો હજારો વર્ષ પછીની

વાત છે – પણ રીબાવાનું, હૉસ્પીટલમાં જવાનું વગેરે ન હોય, કોઈ શારીરિક તકલીફ થાય નહિ અને બધાં સ્વસ્થ અને સુખી રહે.

આટલી પરમતત્વને–માતાજીને મારી અરજ છે. જો કે બીજા પણ ઘણાં નિયમ–ઉપનિયમ ને વિચારો છે પરંતુ મુખ્ય–મુખ્ય જે વિચારો હતાં કે જો આટલું પરમતત્વ કરે તો બસ, દુનિયામાં રામરાજ્ય–સ્વર્ગ–ખડું થઈ જાય...વિશ્વમાં ક્યાંય વિષાદ ન હોય, દુઃખ ના હોય, કોઈને પીડા ન હોય...

પુનઃ એકવાર આપ સૌના દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમની હિમાયત કરીને કહું છું કે આપ સહુ સુખમાં રહો, આનંદમાં રહો...આપનું આરોગ્ય પણ જળવાઈ રહે...અને ફિકર ના કરશો – કરોડો વર્ષ બાદ પ્રલય પછીની નવી સૃષ્ટિમાં આપણે ભેગાં થઈશું...

મારા આપ સહુને આશીર્વાદ છે."

□

# મા

શાસ્ત્રીજી

સાંપ્રત સમયમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત લોકોને જ્ઞાતિ, જાતિ કે ધર્મ-સંપ્રદાયના ભેદભાવો સિવાય વ્યક્તિગત મુલાકાત દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન અને સારવાર તથા સલાહ-સૂચન આપી, તેમને મૂંઝવતાં પ્રશ્નો-સમસ્યાઓનું નિવારણ કરવાનો કાર્યયજ્ઞ મા વેદજનનીના આદેશ અને સીધા માર્ગદર્શન હેઠળ મેં ૧૯૭૫ની સાલથી શરૂ કર્યો છે.

સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવી, ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવી – સામાન્ય રીતે મારી મુલાકાતે આવનાર જિજ્ઞાસુ મુલાકાતીઓને હું આ આદેશ આપું છું, પરંતુ —

—૨૪ અક્ષરનો આ ગાયત્રી મહામંત્ર, આજના કૉમ્પ્યુટર-યુગમાં ગતિશીલ જીવન જીવતાં લોકોને – "મોટા પડે છે", "લાંબો લાગે છે", "બોલવામાં અટપટો લાગે છે" અને "માળા કરવામાં વધુ સમય જોઈએ" — વગેરે સમસ્યાઓ પણ આ મહામંત્રની દીર્ઘતાથી ઉદ્ભવે છે. વળી, નિરક્ષર કે ઓછું ભણેલાં ભાઈબહેનો આ મંત્ર વાંચતી-બોલતી વખતે મુશ્કેલી અનુભવે છે. આ પ્રકારની રજૂઆતો મારી સમક્ષ વિનંતી કે માહિતીના રૂપમાં થતી રહેતી હતી. બીજો કોઈ સરળ અને સાહજિક રીતે જપ કરી શકાય તેવો મંત્ર આપવા અંગેની વિનંતીઓ પણ કેટલાંક લોકો કરતાં હતાં.

લોકોની આ પ્રકારની વાતોમાં તથ્ય પણ હતું – છે. વળી, ધર્મ અને વિજ્ઞાન એક જ સિક્કાની બે બાજુઓ જેવાં હોઈ, પરસ્પરના પર્યાય છે. આધુનિક યુગમાં સ્વાભાવિક એવી વ્યસ્તતા વચ્ચે પણ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય તેવા સરળ માર્ગ, મંત્ર, યંત્ર વગેરેની ખૂબ જ આવશ્યકતા ઊભી થઈ છે. ક્યાં આદિ માનવની ચકમકના પથ્થરોથી અગ્નિ પ્રગટાવવાની મુશ્કેલ પ્રક્રિયા અને ક્યાં સાંપ્રતકાળમાં મનુષ્યની રિમોટ કંટ્રોલ દ્વારા આંગળીના ટેરવાંના સ્પર્શ માત્રથી પ્રકાશ પાથરવાની પદ્ધતિ ! આમ, વિજ્ઞાનના વિકાસની સાથોસાથ જ ઉપાસનાના માર્ગે પણ મૂળભૂત સિદ્ધાંતોનો હ્રાસ કર્યા વગર લોકોને જચે, પચે અને રુચે તેવા વિકાસની કે પરિવર્તનની આવશ્યકતા છે.

મને લોકોની મંત્ર વિશેની વિનંતીઓ અને રજૂઆતો ઉપરથી તેમની આધ્યાત્મિક ભૂખ હોવા છતાં વ્યસ્ત જીવનના કારણે સર્જાતી મુશ્કેલીઓનો ખ્યાલ આવી ગયો હતો. તેમની આ સમસ્યાના નિવારણનો ઉપાય શોધવા હું સતત મનોમંથન કરતો હતો.

પૂજા દરમિયાન ધ્યાનાવસ્થામાં, સ્વપ્નાવસ્થામાં અને અન્ય રીતે પણ હું પરમતત્ત્વ સાથે— માતાજી સાથે પરામર્શ કરતો હતો અને આ બાબતે ઘટતું કરવાની વિનંતીઓ પણ કરતો હતો. છેલ્લા છ મહિનાથી મારી આવી વિનંતીઓ અને પ્રાર્થનાઓ દૃઢ બનતી હતી.

એક દિવસ પૂજા દરમિયાન મા વેદજનનીની પ્રત્યક્ષ ઉપસ્થિત વેળા મેં અન્ય સરળ અને સહજ મંત્ર આપવા પ્રાર્થના કરી. માતાજીએ પ્રત્યુત્તરમાં કહ્યું :

**"તું પ્રયત્ન કર, મારા આશીર્વાદ છે."**



[ આધ્યાત્મિક કેડી, ઑક્ટોબર, '૯૨

માના આશીર્વાદ પ્રાપ્ત થતાં જ મારી વિચારધારાને વેગ મળવા માંડ્યો. ભિન્ન-ભિન્ન જ્ઞાતિ, જાતિ, કોમ અને ધર્મના તથા દેશ-વિદેશનાં લોકોની મંત્ર વિશેની મુશ્કેલીઓ મારી દૃષ્ટિ સમક્ષ હોઈ તેમની સમસ્યાના સમાધાન અર્થે કેટલાક શબ્દ-મંત્રો મેં માતાજી સમક્ષ પ્રસ્તુત કર્યા અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી. જે આ પ્રમાણે હતા :

(૧) ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા : મારા આ પ્રથમ પગથિયે-વિચારે-સ્ફુરેલા શબ્દો માતાજી સમક્ષ પ્રસ્તુત કરતાં સ્વપ્નમાં માતાજીએ કહ્યું : "ના, આ બરાબર નથી".

(૨) ૐ હ્રીં શ્રીં ક્લીં : પૂજા દરમિયાન માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં મેં આ શબ્દસમૂહને તેમની સમક્ષ રજૂ કર્યો.

મેં કહ્યું : "માતાજી, દુનિયાના કોઈપણ મનુષ્યને જ્ઞાતિ-ધર્મ વગેરેનાં બંધનો સિવાય સર્વસુલભ અને માન્ય રહે તેવો મંત્ર આપણે આપવો છે."

ધ્યાનમાં એક કાગળ પર લખાણ વાંચ્યું : "યોગ્ય નથી."

(૩) ૐ હ્રીં શ્રીં : આ શબ્દો બીજ મંત્ર જેવા હોઈ એક-એક શબ્દ-અક્ષરને ઓછો કરી સંમતિ માટે માતાજી સમક્ષ પૂજા દરમિયાન રજૂ કરતાં "ના" એવું કાગળ પર લખેલું વાંચ્યું.

(૪) ૐ હ્રીં : આ પ્રસ્તાવ પણ નામંજૂર થયો. કાગળ પર 'ના' વાંચ્યું.

---

**"એક દિવસ પૂજા દરમ્યાન મા વેદજનનીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ વેળા મેં અન્ય સરળ અને સહજ મંત્ર આપવા પ્રાર્થના કરી. માતાજીએ પ્રત્યુત્તરમાં કહ્યું, "તું પ્રયત્ન કર. મારા આશીર્વાદ છે."**

*

**"૧૧ મી જુલાઇ '૯૨ ને શનિવારે સવારે પૂજા દરમ્યાન એક મધુર શબ્દ પ્રણવથી વિભૂષિત થઈ મારા હૃદયમાં સ્ફુર્યો : 'ૐ મા ૐ'.**

**મંદ મંદ હાસ્ય વેરતાં માતાજીએ 'બરાબર છે'ની મહોર મારી."**

---

(૫) ૐ શ્રીં : પ્રત્યુત્તરમાં કાગળ પર "ના" હતી.

(૬) ૐ ગાયત્રી શરણં મમ : પૂજા દરમિયાન મારા આ શબ્દવિચારને માતાજી સમક્ષ ધર્યો. માતાજીએ કહ્યું : "આ તો લૌકિક નામ કહેવાય."

મારી વિચારધારા અવિરતપણે આગળ ધપતી હતી. સમગ્ર માનવજાત માટે વૈશ્વિક મંત્ર કેવો હોવો જોઈએ તે વિશે હું સતત મનોમંથન કરતો હતો. તેવામાં...

૧૧ મી જુલાઈ '૯૨ ને શનિવારે સવારે પૂજા દરમિયાન એક મધુર શબ્દ પ્રણવથી વિભૂષિત થઈ મારા હૃદયમાં સ્ફુર્યો :

**'ૐ મા ૐ!'**

ધ્યાનાવસ્થામાં માતાજીના પ્રત્યક્ષ દર્શન કરતી વેળા લયબદ્ધ રીતે મારા મન-હૃદય ને હોઠો પર ફરી રહેલા એ શબ્દો મેં પ્રસ્તુત કર્યા અને...

મંદ મંદ હાસ્ય વેરતાં માતાજીએ "બરાબર છે"ની મહોર મારી।

કાગળ પર લખાયેલા સ્વીકૃતિના એ શબ્દો વાંચતાં મારું રોમ-રોમ પુલકિત થઈ ઊઠયું ! મારા હૃદયમાં આનંદનો ઉદધિ ઉછાળા મારવા લાગ્યો...!

'મા' શબ્દ માટે ટૂંકમાં કહું તો તે શક્તિનું પ્રતીક છે પરમતત્ત્વની શક્તિને આપણે 'મા' કહીએ છીએ. ભારતવર્ષમાં જે-જે સ્વરૂપે આ શક્તિની ઉપાસના થાય છે તે-તે સ્વરૂપના નામની આગળ કે પાછળ 'મા' શબ્દ પ્રયોજાય છે. જેમ કે, અંબામા, મહાકાળી મા, મા દુર્ગા, ભવાની મા, વગેરે વગેરે. એટલે, ફક્ત 'મા' શબ્દ જ માત્ર ભારતના જ નહિ સમગ્ર વિશ્વના માનવબંધુઓને સર્વદા ને સર્વથા સ્વીકાર્ય હોય.

સૃષ્ટિની ઉત્પત્તિ વખતે બ્રહ્માના મુખેથી સૌ પ્રથમ જે ઉચ્ચાર થયો તે 'ૐ' છે. આ 'અઉમ' બ્રહ્મના પરિચયરૂપ પ્રણવ છે. 'અ' 'ઉ' અને 'મ્' આ ત્રણે ય અક્ષરોના સાયુજ્યથી 'ૐ'કારનું નિરૂપણ થયું છે. 'ૐ મા ૐ' આ મંત્ર દ્વારા પરમતત્ત્વ અને પરમતત્ત્વની શક્તિ ઉભયનું સ્મરણ થતાં મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે.

મહામંત્ર ગાયત્રીના પર્યાય સમો 'ૐ મા ૐ' મંત્ર, માતાજીની પ્રેરણા અને અનુમતિથી જ આવેલો હોઈ, તેની શક્તિ પણ ગાયત્રીમંત્ર સમી જ છે. તા. ૧૪મી જુલાઈ ને ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે મેં ભક્ત-સમુદાય સમક્ષ આ મંત્ર પ્રસ્તુત કર્યો ત્યારે તમામ ભક્તોએ આ મંત્રને સહર્ષ વધાવી લીધો અને માતાજીની કૃપાપ્રસાદી સમાન આ મંત્રને માળામાં વણી લેવા સહુ આતુર થઈ ગયાં!!!

કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ-જાતિ, ધર્મ, સંપ્રદાય વગેરેના ભેદભાવ સિવાય આ મંત્રના જાપ કરી શકે છે.

મારા આપ સહુને આશીર્વાદ છે.

ૐ મા ૐ

□

# પરમશક્તિ મંત્ર

શાસ્ત્રીજી

"મારાં વહાલાં ભાઈઓ અને બહેનો,

સૂતો હતો અને સ્વપ્ન આવ્યું,
હાકલ પડી છે સેવા તણી,
જાગીને જોયું તો,
સાક્ષાત્ મા ખડી છે.

આ છે મારા જીવનનો ઇતિહાસ.

માતાજીના આદેશથી મેં સેવાકાર્ય આરંભ્યું તે આજદિન સુધી ચાલુ છે.

મેં ગુરુપૂર્ણિમાના દિવસે વૈશ્વિક મંત્ર 'ૐ **મા** ૐ' આપ્યો હતો તેને આપણે **પરમશક્તિ મંત્ર-Divine Spirit Mantra**-કહીશું.

## આ મંત્રની ઉપાસના કેવી રીતે કરવી ?

**દૈનિક ઉપાસના :**

સામાન્ય વ્યક્તિએ દૈનિક ઉપાસના કરવી હોય તો દરરોજ અડધો કલાક આ મંત્રનો જપ કરવો.

વ્યવસ્થિત અને લયબદ્ધ રીતે આ મંત્રજાપ કરવામાં આવે તો સામાન્ય રીતે બે મિનિટમાં ૧૦૮ મંત્રજાપ ( એક માળા ) થાય છે.

આ મંત્રજાપ કોઈપણ સમયે, સ્થળે અને પરિસ્થિતિમાં કરી શકાય છે. માળા લેવાની જરૂર નથી. સમય, સ્થળ, દર્ભનું આસન, દીવો, અગરબત્તી, ઉપાસકે પોતાની અનુકૂળતા અને ક્ષમતા પ્રમાણે નક્કી કરવાં.

ઉપાસના માટે સવારે ચારથી સાતનો સમય – બ્રાહ્મમુહૂર્ત ઉત્તમ છે; પરંતુ જો આ સમય અનુકૂળ ન હોય તો ચોવીસ કલાકમાં કોઈપણ સમયે આ મંત્રજાપ થઈ શકે છે.

**વિશિષ્ટ ઉપાસના :**

સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવીને, સમય અને સ્થળ નક્કી કરીને શિસ્તબદ્ધ રીતે વિશિષ્ટ ઉપાસનાનો પ્રારંભ કરી શકાય. નીતિમય જીવન અને સાત્ત્વિક આચરણ – આ વિશિષ્ટ ઉપાસનાની આધારશિલા છે.

**( ૧ ) ઋષિ ઉપાસના :** દરરોજ એક કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે 'ૐ મા ૐ' મંત્રજાપ કરવા. એક કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક ઋષિપદને પામે છે.

નવરાત્રિમાં અથવા સુદ એકમથી નવ દિવસ સુધી દરરોજ એક કલાક મંત્રજાપ કરવાથી ૨૭,૦૦૦ મંત્રજાપ થાય.

**( ૨ ) રાજર્ષિ ઉપાસના :** દરરોજ બે કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે 'ૐ મા ૐ' ના મંત્રજાપ કરવા. દરરોજ બે કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક રાજર્ષિપદને પામે છે.

સુદ એકમથી સત્તાવીસ દિવસ સુધી દરરોજ બે કલાક 'ૐ મા ૐ' મંત્રજાપ કરવાથી ૧,૬૨,૦૦૦ મંત્રજાપ થાય.

(૩) **દેવર્ષિ ઉપાસના :** દરરોજ ત્રણ કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે 'ૐ મા ૐ' ના મંત્રજાપ કરવા. દરરોજની ત્રણ કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક દેવર્ષિપદને પામે છે.

સુદ એકમથી બસો સીત્તેર દિવસ સુધી દરરોજ ત્રણ કલાક 'ૐ મા ૐ' મંત્રજાપ કરવાથી ૨૪,૧૦,૦૦૦ મંત્રજાપ થાય.

(૪) **બ્રહ્મર્ષિ ઉપાસના :** દરરોજ પાંચ કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે 'ૐ મા ૐ' ના મંત્રજાપ કરવા. દરરોજની પાંચ કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક બ્રહ્મર્ષિપદને પામે છે.

સુદ એકમથી છસો પંચોતેર દિવસ સુધી દરરોજ પાંચ કલાક 'ૐ મા ૐ' મંત્રજાપ કરવાથી ૧,૦૧,૨૫,૦૦૦ મંત્રજાપ થાય.

જ્ઞાતિ, જાતિ, ધર્મ અને સંપ્રદાયના ભેદભાવ સિવાય કોઈપણ વ્યક્તિ આ વૈશ્વિક મંત્રની ઉપાસના કરી શકે છે, સૂતક, માસિક ઋતુધર્મ કે અન્ય અડચણ આ મંત્રની ઉપાસનામાં બાધારૂપ નીવડતાં નથી.

---

*** વૈશ્વિક મંત્ર 'ૐ મા ૐ'ને આપણે પરમશક્તિ મંત્ર –Divine Spirit Mantra–કહીશું.**

*** નીતિમય જીવન અને સાત્ત્વિક આચરણ – આ વિશિષ્ટ ઉપાસનાની આધારશિલા છે.**

*** પરમતત્ત્વ–માતાજીને અતિ પ્રિય શું છે ?**

*** મેં માતાજીને હમેશાં પ્રસન્નવદનમાં જ જોયાં છે.**

---

## માતાજીને અતિ પ્રિય શું છે ?

માતાજી–પરમશક્તિ સાથેના મારા આધ્યાત્મિક સહવાસ દ્વારા, માતાજીને અતિ પ્રિય વસ્તુઓ અને મારી સાથેના વહાલપ, કસોટીઓ વગેરેનો અનુભવ મને થતો રહે છે. ઉપાસકોને થોડી માહિતી આપવા મેં વિનંતી કરી હતી. ઘણા સમયની વિનંતીઓ પછી હમણાં જ – આજ, કાલમાં જ માએ સંમતિ આપી. અમુક અતિ પ્રિય વસ્તુઓ કહેવા જણાવ્યું છે, જે નીચે પ્રમાણે છે :

(૧) મિઠાઈ – બુંદીના લાડુ
(૨) ફરસાણ – મેથીના ગોટા. બીજા નંબરે બટાકા–પૌંઆ, સેવ ( મધ્યપ્રકારની ).
(૩) જમણ – વધારેલી ખીચડી, માખણ ( ઘી નહિ ), બટાકાનું રસાવાળું શાક
(૪) કઠોળ – વટાણા
(૫) પીણું – કેસરવાળું દૂધ
(૬) સૂકો મેવો – બદામ
(૭) ફળ – પપૈયું
(૮) મુખવાસ – એલચી
(૯) ફૂલ – ગુલાબ, મોગરો
(૧૦) અત્તર – ગુલાબનું, મોગરાનું
(૧૧) રંગ – ગોલ્ડન, પીન્ક કલરની સાડી
(૧૨) પશુ – ઘોડો
(૧૩) પક્ષી – મોર
(૧૪) શોખ – ઘોડેસવારી, પાણીમાં તરવાનો
(૧૫) સંગીત – મધુર અને શાંત

મેં માતાજીને હંમેશાં પ્રસન્નવદનમાં જ જોયાં છે. ક્યારેક મારી બાળસહજ ચેષ્ટામાં પણ તેઓએ ગુસ્સો કર્યો નથી. હા, ક્યારેક મીઠો ઠપકો આપે છે, દાખલા તરીકે 'બહુ ડાહ્યો ના થા !'

આપની ઉપાસના દરમિયાન પરમતત્ત્વ–માતાજીનો મનભાવન–અતિ પ્રિય વસ્તુઓનો પ્રસાદ ધરાવશો તેમજ આપની અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ મેળવશો તો મા જરૂર આપનો પ્રસાદ આરોગશે, વસ્તુ અંગીકાર કરશે.

□

# "મા મને 'મોર' કહે છે"

શાસ્ત્રીજી

મારાં વહાલાં ભાઈઓ અને બહેનો,

આજે 'નીલોષા'ની ધરતી પર હું મારા કાર્યયજ્ઞનાં ૧૩ વર્ષો પસાર કરી ૧૪ મા વર્ષમાં પ્રવેશ કરું છું. આ પવિત્ર ધરતી ધબકતી રહે છે કારણ કે આ ધરતી પર માનો વાસ છે. માની સદા ય હાજરી રહે છે. અને તેનો અનુભવ આપણે સૌ કરીએ છીએ.

આ વિજ્ઞાનયુગમાં સંશય ઉત્પન્ન થાય કે પરમતત્ત્વ શું આમ અવતરતું હશે ? શા માટે આવતું હશે ? એને શું છે કે આવે છે ? એવો સંશય થાય. હું પણ વિજ્ઞાનનો વિદ્યાર્થી હતો તેથી મને પણ પહેલાં એવો સંશય થતો હતો.

પણ એના જવાબમાં મારી જિંદગીનાં છેલ્લાં અઢાર વર્ષો તરફ નજર દોડાવો. હું કોણ હતો ? ક્યાં હતો ? અને આજે હું શું કાર્ય કરી રહ્યો છું ? પરમતત્ત્વ જે ફિરસ્તાને આ પૃથ્વી પર કાર્ય કરવા મોકલે છે તેના જન્મથી માંડી અંત સુધી તેનું ધ્યાન રાખે છે. મારી જિંદગીની ખુલ્લી કિતાબ તમારી સામે હાજર છે. હું આ જે સેવાકાર્ય કરી રહ્યો છું તે કોઈ મનુષ્યની તાકાત નથી. પરમતત્ત્વની શક્તિ ન હોય, તેની હાજરી અને સતત માર્ગદર્શન ન હોય તો આ કાર્ય થઈ શકે નહિ – ન ભૂતો ન ભવિષ્યતિ. માટે એ પરમતત્ત્વ હાજર છે ને એનાં હાજરીથી જ હું આ કાર્ય કરી રહ્યો છું. પરમ શક્તિની મદદ વગર આ કાર્ય કદાપિ ન થઈ શકે.

૧૯૭૫થી માતાજી તરફથી જે અનુભવો થતા તે બહેનશ્રીએ અંગ્રેજીમાં નોંધ્યા છે. હાલમાં તેઓશ્રી તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી રહ્યા છે. તેઓ લખતા જાય છે અને કહેતા જાય છે ત્યારે મને પણ એ બધું યાદ આવે છે કે માતાજી આવું પણ કાર્ય કરતા હતા ! માતાજી આમ આવતા હતા ! એ બધી જૂની વાતો અત્યારે યાદ કરું છું. તે વખતે પણ માતાજીને એ જ પ્રાર્થના–વિનંતી કરતો હતો કે તું મારી સાથે જ રહે. મારે આ અનુભવોની કોઈ જરૂર નથી. છતાં પણ માતાજી પોતે પોતાની મરજીથી તે વખતે મારા કુટુંબનાં સભ્યોની શ્રદ્ધા બળવત્તર કરવા, તેમની સતત હાજરીનો અનુભવ કરાવતા અને કરાવી રહ્યા છે.

જો કે આ વિગતો જણાવીને મારે કોઈ દુન્યવી ચીજ જોઈતી નથી. કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી નથી. માનવી માત્ર જન્મથી અંત સુધી ત્રણ 'ક' પાછળ દોડે છે : કંચન, કીર્તિ અને કામિની. મારે એમાંથી કંઈ જોઈતું નથી.

મારે જોઈએ છે:

(૧) કંચનને બદલે મારા માનવબન્ધુનો દિવ્ય પ્રેમ.

(૨) કીર્તિને બદલે મારા માનવબન્ધુની સેવા.

(૩) કામિનીને બદલે 'મા'.

ઘણા મને પૂછે છે કે તમે કોણ છો? હું કહું છું:

'તમે જે જુઓ છો તે હું કહું છું છતાં પૂછે છે તમે કોણ છો?'

"આપ ચાહો તો મૈં માનવ હૂં,
આપ ચાહો તો મૈં મા કા લાલ હૂં;
ઔર મૈં કહૂંગા મૈં મોર હૂં,
ઔર મા કહેગી 'મોર' મેરા હૈ."–

—આ મારો જવાબ છે.

ગઈ તા. ૭મી સપ્ટેમ્બરે મેં કહ્યું હતું 'કે હું મોર છું'. ખરેખર મારું માનું હુલામણું નામ મોર છે. મારાં આધ્યાત્મિકતાનાં પાંચ વર્ષ પૂરાં થયાં ત્યાર બાદ મા મને સંબોધન કરે ત્યારે મને 'મોર' કહી બોલાવે છે.

---

"હું આ જે સેવાકાર્ય કરી રહ્યો છું તે પરમતત્ત્વની શક્તિ ન હોય, તેની હાજરી અને સતત માર્ગદર્શન ન હોય તો આ કાર્ય થઈ શકે નહિ."

*

"મારે જોઈએ માનવબન્ધુનો દિવ્ય પ્રેમ, સેવા અને મા."

*

માતાજી મને 'મોર' કહીને સંબોધે છે.

---

ગઈ તા. ૭મી સપ્ટેમ્બરે ગાયત્રી મંત્રના ત્રણ ૐના અનુસન્ધાનમાં મેં એક હકીકત બાકી રાખી હતી જે માની અનુમતિથી જણાવું છું:

મારા ભૌતિક જીવનનું નામ છે નરેન્દ્ર,
આધ્યાત્મિક જગતનું શાસ્ત્રીજી
અને માતાજીએ મને આપેલું નામ મોર.

માતાજી મને 'મોર' કહીને સંબોધે છે.

આ સંબોધન શા માટે? શું કરવા? એ તો તેઓ જાણે, પરંતુ મારા ધારવા મુજબ મોર અતિ સુંદર અને રળિયામણો લાગે છે. આપણને આનંદ, શાંતિ અને સૌંદર્યનો અનુભવ થાય છે અને તેની પાસેથી ખસવું ગમતું નથી. તેવી જ રીતે મને આ સેવાકાર્ય સોંપીને મને 'મોર'–More– બનાવી દીધો છે. તમે મારી પાસે બેસીને શું ગ્રહણ કરો છો? આધ્યાત્મિકતાનો માર્ગ ગ્રહણ કરો છો.

ૐ મા ૐ

ૐ મા ૐ



ૐ મા ૐ

ૐ મા ૐ



# નૂતન વર્ષનો સંદેશ

મારા વહાલાં ભાઈઓ અને બહેનો,

હું મોર છું, તમે મારાં પીંછાં છો. આપ સૌ ભક્તિરસમાં તરબોળ બનીને દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમથી સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને સભર બનાવી મારી પાસે આવો. હું તમને મારા મસ્તક પર ધારણ કરી લઈશ.

આશીર્વાદ.

એન. બી. દવે (શાસ્ત્રીજી)



# નૂતન વર્ષાભિનંદન

ઉપાસનાની અંજલિને
પરમ-શક્તિ મંત્રથી સભર
કરી પરમનું સામીપ્ય પામીએ.

કૈલાસબેન પરીખ
(બહેનજી)



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

ગઈ ૭મી સપ્ટેમ્બરે મેં કહ્યું હતું : તમે મારાં પીંછાં છો. પણ પીંછાં કેવી રીતે ?

હું આજે એમ કહું કે, પીંછાં વિનાનો મોર રળિયામણો નહિ લાગે તેવી રીતે તમે મને તમારા હૃદયની ભક્તિમાં તરબોળ કરી દો. એ ભક્તિ મને આપી દો. એ ભક્તિરૂપી પીંછાં હું મારામાં ખોસી દઈશ. તેનાથી હું વધારે રળિયામણો દેખાઈશ. આથી કદાચ કૃષ્ણ ભગવાને મોરપીંછ માથે ધારણ કર્યું હશે એવો એનો આધ્યાત્મિક અર્થ લઈ શકાય. તમે પણ બધા ભક્તિરસમાં તરબોળ થઈને મારી પાસે આવો. હું તમને મારા મસ્તક પર ધારણ કરી લઈશ.

હું છેલ્લા કેટલાક વખતથી માતાજીને વિનંતી કરતો હતો કે તેમની સાથેના કેટલાક પ્રસંગો રજૂ કરવાની મને છૂટ આપે. તેમની સંમતિથી હું એ પ્રસંગોનું બયાન અત્રે રજૂ કરું છું.

આ સ્વપ્નસૃષ્ટિની વાત છે.

## "આ તું લઈ લે"

એક વખત માતાજી ઘોડાની બગીમાં બેસીને આવ્યાં. મને કહે, ચાલ તૈયાર થઈ જા. મારી સાથે બેસી જા. હું બેસી ગયો. બગી તેઓ જાતે હંકારતાં હતાં. તેઓ આગળ ને હું પાછળ. કશી વાતચીત થાય નહિ. આથી મેં ઊભા થઈને કહ્યું કે આ તો મને પસંદ પડતું નથી. તમે આગળ બેઠાં છો તેથી મને પણ આગળ આવી જવા દો. તેમણે સંમતિ આપી. હું આગળ બેસી ગયો. બગી દોડાવતાં દોડાવતાં અમે જંગલમાં પહોંચ્યાં. પછી બગી ઊભી રાખી. અમે એક ટેકરા આગળ બેઠા. થોડી વાર પછી મને કહે,

"બગી પાછળ કોદાળી, પાવડો ને તગારું છે તે લઈ આવ."

હું લઈ આવ્યો.

અમે બેઠાં હતાં ત્યાં તેમણે બે ફૂટ ખાડો ખોદવા કહ્યું. મને એમ કે શું હશે ? પણ એમણે આજ્ઞા આપી એટલે શું થાય ? મેં બે ફૂટ ખાડો ખોદ્યો, ખાડામાંથી એક પેટી નીકળી–બૉક્ષ. એ ખૂબ સુંદર હતું.

---

"હું મોર છું, તમે મારાં પીંછાં છો. તમે બધા ભક્તિરસમાં તરબોળ થઈને મારી પાસે આવો. હું તમને મારા મસ્તક પર ધારણ કરી લઈશ."

*

મા પાસે હોય તો બધી વસ્તુ આવી જાય છે, પછી ખજાનાની શી જરૂર ?

---

મને કહે, 'ખોલ.'
મેં ખોલ્યું. તેમાં જોયું તો હીરા, માણેક, મોતી, પરવાળાં હતાં.
"આને શું કરવાનું છે ?" મેં પૂછ્યું.
મને કહે, "તું લઈ લે."
મેં કહ્યું, "ના, મા, મારે ન જોઈએ."
મને બે ચાર વખત કહ્યું.
મેં કહ્યું : "ના, મા, મારે આ ન જોઈએ. તું મારી પાસે રહે."
મા પાસે હોય તો બધી વસ્તુ આવી જાય છે. પછી ખજાનાની શી જરૂર છે !

મેં ના કહી. મને કહે, "પાછો મૂકી દે." મેં ઓક્ષ પાછો મૂકી દીધો. બધું ઢાંકી દીધું. ત્યાર બાદ અમે પરત આવ્યા. મને ઘેર ઉતારી દીધો અને પછી ચાલ્યાં ગયાં.

## "તું કોણ છે?"

એક વાર હું વાંચતો હતો અને તેઓ બગી લઈને આવ્યાં. મને કહે "ચાલ, બેસી જા." હું બેસી ગયો. એક સુંદર જગ્યાએ અમે બેઠાં. થોડી વાર પછી મને કહે : "મને ભૂખ લાગી છે."

મને થયું કે શું આપું.

મને કહે: "બગીમાં પપૈયું અને છરી છે તે લઈ આવ." હું પપૈયું અને છરી લઈ આવ્યો. મેં સમારી આપ્યું. તેમણે ખાધું. મેં પણ ખાધું. ત્યાર બાદ મને કહે, "મને ઊંઘ આવે છે."

મેં કહ્યું : "સારું, આ મારું પહેરણ કાઢી પાથરી દઉં."

મને કહે, "ના, તારા ખોળામાં સૂઈ જવું છે."

---

"મા, આ શક્તિ તમારી છે. તમે મને જે પયપાન કરાવ્યું છે તે દૂધ મારા શરીરની નસેનસમાં વહે છે. તે દૂધના આધારે મને મજબૂત બનાવ્યો છે. એ શક્તિના આધારે હું આ સહન કરી શકયો."

*

"ખરેખર, હું તારી પરીક્ષા કરતી હતી."

---

મારા ખોળામાં માથું મૂકી તેઓ સૂઈ ગયાં. માથું બાળક જેવું ખૂબ હળવું હતું. બે–ત્રણ મિનિટમાં તેઓ ઊંઘી ગયા. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ વજન વધતું ગયું કે જે સહન ન થાય. મને થયું કે મારા પગના ટુકડા થઈ જશે. પણ મને થયું કે ભલે, મારા પગના ટુકડા થઈ જતા, પણ માને ખલેલ ન પહોંચે.

થોડી વાર બાદ તેઓ ઊઠયાં. મને કહે, "તું શું કરતો હતો."

મેં કહ્યું : "તમે સૂતાં હતાં. હું બેઠો હતો, જોતો હતો."

પછી એકદમ પ્રશ્ન કર્યો : "બોલ તું કોણ છે?"

મેં કહ્યું : "માતાજી, તમે મને પ્રશ્ન કરો છો કે તું કોણ છે? તમને ખબર છે કે હું કોણ છું."

માતાજી કહે : "તું બ્રાહ્મણ છે એ મને ખબર છે. પણ મારું વજન વધાર્યું તે તું કેવી રીતે સહન કરી શકયો? કઈ શક્તિ આવી?"

મેં કહ્યું : "મા, આ શક્તિ તમારી છે. તમે મને જે પયપાન કરાવ્યું છે તે દૂધ મારા શરીરની નસેનસમાં વહે છે, તે દૂધના આધારે મને મજબૂત બનાવ્યો છે. એ શક્તિના આધારે હું આ સહન કરી શકયો."

આ સાંભળી મા હસી પડયાં અને પછી અમે પરત આવ્યાં.

## "ભાઈ, તારું લગ્ન કરવાનું છે"

એક વખત તેઓ એમ્બેસેડર કારમાં આવ્યાં. મને કહે: "તૈયાર થા. સૂટ પહેર."

તેમની આજ્ઞા મુજબ સૂટ પહેરી હું તૈયાર થયો. અમે કારમાં નીકળ્યાં. એક રાજમાર્ગ પરથી કાર પસાર થતી હતી. માર્ગમાં બંને બાજુ મકાનો અને બંગલાઓ હતા. એક બંગલા પાસે કાર થોભાવી અમે એ બંગલામાં ગયાં. બેઠાં.

મેં માને પૂછ્યું, "આપણે ક્યાં આવ્યાં છીએ?"

મને કહે, "તું જોયા કર."

એટલામાં એક ભાઈ પાણીના ગ્લાસ લઈને આવ્યા. માએ પાણી પીધું.

ત્યાર બાદ મા મને કહે: "ભાઈ, તારું લગ્ન કરવાનું છે."

મેં કહ્યું: "મારું તે કંઈ લગ્ન હોય? પૃથ્વી પર મારું લગ્ન તો થઈ ગયું છે. મારે ઘેર બાળકો છે. એને ત્યાં પણ બાળકો છે. મારા લગ્નની શી જરૂર?"

મને કહે: "મારે મારી વહુ ન જોઈએ?"

મેં કહ્યું: "આખા જગતમાં તમારી વહુઓ છે."

મને કહે: "ના, તારે લગ્ન કરવાનું જ છે."

હું નત મસ્તકે સાંભળી રહ્યો.

પછી અમે બીજા રૂમમાં ગયાં. ત્યાં ત્રણ બહેનો બેઠેલી હતી. માતાજી હતાં. હું હતો.

માતાજી કહે: "આ ત્રણ બહેનોમાંથી તું કોઈપણ એક પસંદ કરી લે." મેં તે બહેનો પર નજર માંડી. હું સૂનમૂન થઈ ગયો. મને કોઈ જ ખ્યાલ ન રહ્યો. હું જોઈ જ રહ્યો. પાંચ દસ મિનિટ જોઈ રહ્યો. હું શૂન્યમનસ્ક થઈ ગયો. માતાજીએ ઊભાં થઈ મારો ખભો હલાવ્યો મને કહે:

"બોલ, તું શું કરે છે? શું વિચાર કરે છે? કોને પસંદ કરે છે?"

માતાજીના સ્પર્શથી હું સ્વસ્થ થયો.

મેં કહ્યું: "માતાજી, હું વિનંતી કરું તે સાંભળો. મારે તો આ પૃથ્વી પર અવતરવું છે. મેં મોક્ષ માગ્યો નથી. તો એવું કરો કે ત્રણ જન્મમાં ત્રણે બહેનોની કૂખે જન્મ આપજો."

આ સાંભળી માતાજી એકદમ ખુશ થઈ ગયાં અને મને ભેટી પડયાં.

મને કહે: "ખરેખર, હું તારી પરીક્ષા કરતી હતી."

મેં કહ્યું: "માતાજી, આવી કડક પરીક્ષા?"

આમ આધ્યાત્મિકતાના શિખરે પહોંચ્યા પછી પણ પરમતત્ત્વ સ્વયં પોતાના ફિરસ્તાઓની ખૂબ આકરી પરીક્ષા કરે છે, તેની સમક્ષ અનેકવિધ પ્રલોભનો ઉપસ્થિત કરે છે અને પોતાની એવી માયા અને શક્તિનો પ્રભાવ પાથરે છે કે ગમે તેવો સંયમી સ્થિતપ્રજ્ઞ સિદ્ધપુરુષ એ પ્રલોભનોમાં ફસાઈ જાય. પરમાત્માની માયા અને શક્તિના પ્રભાવથી અંજાઈને 'આ તો ઈશ્વરની મરજી છે, આદેશ છે' એમ સમજી–સ્વીકારી લેવા તત્પર બને છે કે સ્વીકારી લે છે. પણ તે વખતે જન્મોજન્મની તેની ઉપાસના, નિજના કુળની ઉપાસના અને માતાપિતાનું તપોબળ તે ફિરસ્તાની વહારે આવે છે અને સ્વયં

પરમાત્માએ પાથરેલાં પ્રલોભનો, માયા અને શક્તિમાંથી તે ઊગરી જાય છે. તેના પર પરમતત્ત્વની વિશેષ કૃપા અને શક્તિ ઊતરે છે.

મારી તમને બધાને એક જ વિનંતી છે કે ચોવીસ કલાકમાંથી એક કલાક-બે કલાક પરમતત્ત્વ સાથે ગાળો. પ્રેમ કરો. વાર્તાલાપ કરો. એમાંથી કંઈક મળશે. કંઈક જોવા મળશે કંઈક ફાયદો થશે.

મારા આપ સૌને આશીર્વાદ છે."

* * *

ગઈ તા. ૪થી સપ્ટેમ્બરે 'નીલોષા' પર માતાજીના પ્રાગટ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી તે પ્રસંગે પૂ. ગુરુદેવે ઉપસ્થિતોને આશીર્વચન પાઠવી ઉપરોક્ત વક્તવ્ય રજૂ કર્યું હતું.

કાર્યક્રમના આરંભે 'નીલોષા' દંપતીએ પૂ. શ્રીનો સત્કાર કર્યો હતો.

કાર્યક્રમની પ્રસ્તાવના કરતાં શ્રી કૈલાસબ્હેને જણાવ્યું હતું કે 'નીલોષા'ની ભૂમિ પર સદા ય માતાજીનો વાસ છે તેથી અહીંનું વાતાવરણ દિવ્ય અને સ્વર્ગીય છે. અહીંના એ દિવ્ય અને સ્વર્ગીય વાતાવરણનો અનુભવ કરવા, એને અનુરૂપ આચરણ કરવા તેમણે અનુરોધ કર્યો હતો અને પૂ. શ્રીના કાર્યયજ્ઞના સમયે માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો પ્રસંગ વર્ણવ્યો હતો.

□

# અર્થસભર આદેશ

શ્રીમતી ઉષાબહેન નલિનકાન્ત શાહ

ચોથી સપ્ટેમ્બરનો દિવસ અમારા જીવનમાં દિવ્ય, અલૌકિક અને અમૂલ્ય બની રહ્યો છે. મા ગાયત્રીએ 'નીલેષા' ભૂમિના હૃદયમાં પ્રગટ થઈ અમને ધન્ય બનાવી દીધાં છે. અમને આધ્યાત્મિકતાનું અનુસરણ કરવાની, સેવાકાર્યમાં નિમિત્ત બનવાની જે તક પ્રાપ્ત થઈ છે તેનો અમને અનેરો આનંદ છે.

માતાજીના પ્રાગટ્ય દિનની ઉજવણી માટે અમે અત્યંત આતુર રહીએ છીએ. અને એક ચોથીથી બીજી ચોથીની અમે ઉત્કટ હૃદયે પ્રતીક્ષા કરીએ છીએ.

આ વખતે પણ અમે માતાજીના પ્રાગટ્ય દિનની ઉજવણીના આયોજન અંગે વિચારી રહ્યાં હતાં ત્યાં જ ગુરુદેવે માતાજીના આદેશની જાણ કરી; જેથી હું ખૂબ જ અસ્વસ્થ બની ઊઠી.

૨૫મી ઑગસ્ટે પૂ. ગુરુદેવે જણાવ્યું :

"ઉષાબહેન, માતાજીનો આદેશ આવ્યો છે કે ચોથીએ શીંગ-સાકરિયાનો પ્રસાદ કરવો."

માતાજીનો આદેશ સાંભળતાં જ મારી આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસવો શરૂ થયો.

મને થયું કે અમારી શું ભૂલ થઈ છે? પૂ. ગુરુદેવ, માતાજી અને ભક્તોના આદર સત્કારમાં શું મારાથી કોઈ અવિવેક થયો છે? એમ વિચારી મારું મન મારા વશમાં ન રહ્યું.

---

"Don't ask why. If you have a faith, Shraddha and Sharanagati towards Gurudev and Gayatri Mata than Do and Die."

---

ગુરુદેવ અને બહેને ઘણું આશ્વાસન આપ્યું અને માતાજીના આદેશને અનુસરવાની અને પાલન કરવાની પ્રેરણા અને હિંમત આપી.

સાંજે ઘેર આવી મેં મારા પતિ શ્રી નલિનકાન્તને વાત કરી અને તેમની આગળ પણ રડી પડી. પણ તેમણે તરત જણાવ્યું :

"Don't ask why. It you have a faith, Shraddha and Sharanagati towards Gurudev and Gayatri Mata than Do or Die."

(શા માટે એવો પ્રશ્ન ન પૂછો. જો તમને ગુરુદેવ અને માતાજીમાં વિશ્વાસ, શ્રદ્ધા અને શરણાગતિ હોય તો તેઓ કહે તે કરવા તૈયાર રહો.)

છતાં મારા મનનો અજંપો દૂર થતો નહોતો.

બીજી અને ત્રીજી સપ્ટેમ્બરે અમદાવાદમાં મૂશળધાર વર્ષા થઈ. જેથી ચોથીએ સાંજે 'નીલોષા'ના પ્રાંગણમાં ઉજવણી થઈ શકશે જ નહિ એમ લાગ્યું. મારા અજંપામાં ઓર વધારો થયો. મેં ગુરુદેવને પ્રાર્થના કરી. બહેને સાંત્વન આપી ગુરુદેવ અને માતાજીને સઘળું સોંપી દેવા જણાવ્યું.

'ૐ મા ૐ'ના મંત્રજપમાં ચિત્ત પરોવવા પ્રયત્ન કર્યો. પૂ. ગુરુદેવે જણાવ્યું કે ભક્તો કંઈ નહિ લેશે તેથી હું પણ કંઈ લઈશ નહિ. છતાં તેમને વિનંતી-પ્રાર્થના કરતાં તેમણે સામેથી સ્વયં બપોરના સમયે વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ પતી ગયા પછી ખીચડી બનાવવા જણાવ્યું. તેમણે સ્વયં ખીચડી બનાવી. બટાકાનું શાક, પાપડીના દાણા અને રીંગણનું શાક અને કઢી મેં બનાવ્યાં. પૂ. ગુરુદેવની સંમતિ લઈ મેં લાડુ પણ બનાવ્યા હતા. ગુરુદેવે બટર-માખણ રાખવા અગાઉથી સૂચના આપી હતી. આ બધો થાળ તૈયાર કરી બપોરે 'નીલોષા' પર માતાજીને ધરાવ્યો અને ગુરુદેવને મેં માતાજીને જમાડવા વિનંતી કરી. થાળ તૈયાર કરી માતાજી સમક્ષ ધરાવી હું અને બહેન બહાર નીકળી ગયાં. બપોરના દોઢેકનો સમય હતો. હું અને બહેન માતાજીના ખંડની બહાર જ બેઠાં હતાં. પંદરેક મિનિટ પછી ગુરુદેવે બારણું ઉઘાડયું ત્યારે અલૌકિક સુવાસનો અનુભવ થયો. પૂ. શ્રી ખૂબ ખુશ હતાં. તેમણે માતાજી પ્રત્યક્ષ પધારી ગયાં અને પ્રસાદ આરોગ્યાનું જણાવ્યું ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. મને જે દુઃખ થયું હતું એથી અનેકગણો આનંદ માતાજીએ કરાવી દીધો.

---

**"પૂ. શ્રી સવારથી જ ખુશમિજાજમાં હતા તેથી મને શ્રદ્ધા હતી જ કે માતાજી પધારશે જ, પણ સ્વયં સાક્ષાત્ પધારી પ્રસાદ આરોગશે એવી તો કલ્પના સુદ્ધાં નહોતી."**

---

ગુરુદેવે માતાજીની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ વર્ણવતાં જણાવ્યું :

"માતાજી સમક્ષ થાળ ધરાવી તેમને જમાડી રહ્યો હતો ત્યાં જ છબી સમક્ષ માતાજી સ્વયં સાક્ષાત્ પ્રગટ થયાં. મેં તેમને પ્રણામ કર્યા. તેઓ સોફામાં બિરાજ્યાં. મેં તેમની સામે ટ્રિપોય પર થાળ ધરાવી આરોગવા વિનંતી કરી. માતાજીએ સ્વયં પ્રથમ બુંદીના લાડુનો કટકો કરી આરોગ્યો. ખીચડીમાં બટાકાનું શાક અને બટર મિક્ષ કરી સ્વયં ત્રણ ચમચી આરોગી અને એક ચમચી મને ખવડાવી. ગ્લાસમાંથી થોડું પાણી પીધું અને થોડી વારમાં અદૃશ્ય થઈ ગયાં."

ગુરુદેવે અનુભવ વર્ણવ્યા પછી કાર્યકર્તા ભાઈબહેનો અને ઘરના નોકર શંકરને દર્શન માટે બોલાવ્યાં. સૌએ સુવાસનો અનુભવ કર્યો. એટલામાં જ શંકરે મારું ધ્યાન દોરતાં જણાવ્યું :

'બહેન, માતાજીની છબી આગળ તો કંકુ અને બદામ છે.'

પૂ. ગુરુદેવ સહિત સૌનું ધ્યાન તે જ વખતે દોરાયું. માતાજીએ કંકુ-બદામ ક્યારે પધરાવ્યા તેનો ગુરુદેવને પણ ખ્યાલ નહોતો આવ્યો.

સાંજે કાર્યક્રમ વેળા પણ માતાજીએ પાંચ બદામ, ત્રણ દ્રાક્ષ અને બે ખારાં કાજુ લીધાં હતાં.

પૂ. શ્રી સવારથી જ ખુશમિજાજમાં હતા તેથી મને શ્રદ્ધા હતી જ કે, માતાજી પધારશે જ. પણ સ્વયં સાક્ષાત્ પધારી પ્રસાદ આરોગશે એવી તો કલ્પના સુદ્ધાં નહોતી. આમ તો માતાજીનો 'નીલોષા'માં વાસ છે જ અને એનો અનુભવ અહીં આવનાર સૌને થાય જ છે પણ આજે વેદજનનીએ સ્વયં સાક્ષાત્ સદેહે પધારી પ્રસાદ ગ્રહણ કર્યો તેથી અમે બંને ધન્ય બન્યાં છીએ.

મારા હૃદયમાં ગુરુદેવ અને માતાજીની સેવા નિરંતર મળતી રહે તેવી એક માત્ર દૃઢ ભાવના રહેલી છે. એટલું જ નહિ, અહીં આવનાર સૌ ભક્તોને પણ માતાજી અનુભવ કરાવે અને સૌ પર માતાજીની અને ગુરુદેવની કૃપા ઊતરતી રહે તેવી પ્રાર્થના કરું છું.

જેમ જેમ ચોથી તારીખ નજીક આવતી જતી હતી તેમ તેમ માતાજીના અર્થસભર આદેશની પ્રતીતિ થતી જતી હતી. બન્યું એવું કે ચોથીએ સાંજે સાડા ચાર સુધી તો સતત વરસાદ વરસતો રહ્યો હતો, જેથી અમને ઘણી મોટી મિમાસણ હતી કે ભક્તોને ક્યાં બેસાડીશું! ગુરુદેવને અને માતાજીને સતત પ્રાર્થના-વિનંતી કર્યા કરી. ગુરુદેવે બપોરનો મુલાકાતનો કાર્યક્રમ પત્યા પછી જણાવ્યું હતું કે, "સાંજે સાડા પાંચ પછી લોનમાં તૈયારી કરજો..."

અને અમારા સૌના સાનન્દાશ્ચર્ય વચ્ચે સાંજે પાંચેક વાગતાં જ સૂર્યનારાયણ પ્રગટ્યા અને લોન સૂકી બની ગઈ.

વળી પ્રસાદ માટે બધી રસોઈ બનાવી હોત તો તે હવાઈ જાત અને તે તૈયાર કરવામાં પણ મુશ્કેલી નડત. વળી માતાજીના આદેશને કારણે રસોઈ વગેરેની ઝંઝટમાંથી અમે સૌ મુક્ત રહ્યાં હોવાથી માતાજીના આગમનની અનુભૂતિ મેળવી શક્યા, આનંદ મેળવી શક્યા અને ઘણા દિવસોના મનના ઉચાટને માતાજીએ આનંદમાં પરિવર્તિત કરી દીધો.

□

# ઝાંઝરના ઝણકારે

શાસ્ત્રીજી

તારીખ ૫–૯–'૯૨ને શનિવારે સાંજે સાડા ચાર વાગ્યે હું મારા રૂમમાં પલંગ પર આરામ કરવાના આશયથી આડો પડયો હતો. રૂમમાં અંધારું રહે તેથી લાઈટ અને બાકીના પડદા બંધ રાખ્યા હતા. હું લગભગ તંદ્રામાં હતો, તેવામાં જ બારીનો પડદો ખસી ગયો અને ટ્યુબ-લાઈટ ચાલુ થઈ ગઈ.

મારા પલંગ પાસે જ પ્રકાશનો એક પુંજ પ્રગટચો, ઝબકારો થયો અને મા ભગવતી ૨૫–૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે અતિ જાજવલ્યમાન દેહાકૃતિમાં ગોલ્ડન કલરની ભારતીય ઢબે પરિધાન કરેલી સાડી, સુંદર આભૂષણો, બંને હાથમાં ઝાંઝર અને પગમાં નૂપુર પરિધાન કરેલાં મુક્ત હાસ્ય વેરતાં પ્રગટ થયાં.

---

**"માતાજી હર્ષોલ્લાસથી હાથ–પગનાં ઝાંઝર ઝણકાવતાં નર્તન કરતાં ઘૂમવા લાગ્યાં. મને પણ તેમની સાથે ઘૂમવા જણાવ્યું, જેથી હું પણ તેમની પાછળ પાછળ ઘૂમવા લાગ્યો. માતાજીનો તરવરાટ અને ગતિ એટલાં વેગીલાં અને તીવ્ર હતાં કે હું બે–ત્રણ વખત તેમની સાથે અથડાયો."**

---

હું સફાળો બેઠો થઈ ગયો અને પલંગમાંથી ઊઠી માતાજીના ચરણમાં નત મસ્તકે પ્રણામ કર્યાં.

સાદડી પર ચરણ ટેકવીને માતાજી પલંગમાં બિરાજમાન થયાં. હું સાદડી પર જ તેમના ચરણમાં બેસી ગયો. માતાજીએ મને ખભેથી ઊંચકીને તેમની પાસે પલંગમાં બેસાડી દીધો અને વાત્સલ્યસભર મમતાળુ હસ્ત મારા બરડે અને મસ્તક પર પસવારતાં પસવારતાં થોડીક વાતો કરી.

પછી પલંગમાંથી ઊભાં થઈ માતાજી હર્ષોલ્લાસથી હાથ–પગનાં ઝાંઝર ઝણકાવતાં નર્તન કરતાં ઘૂમવા લાગ્યાં. મને પણ તેમની સાથે ઘૂમવા જણાવ્યું, જેથી હું પણ તેમની પાછળ પાછળ ઘૂમવા લાગ્યો. માતાજીનો તરવરાટ અને ગતિ એટલાં વેગીલાં અને તીવ્ર હતાં કે હું બે–ત્રણ વખત તેમની સાથે અથડાયો.

લગભગ દસેક મિનિટના નર્તન પછી માતાજી, સોફા પાસેના ટેબલ પાસે આવ્યાં. હું પણ તેમની પાછળ આવીને ઊભો રહ્યો. માતાજીએ ટેબલ પર ખોબો ભરીને બદામનો ઢગલો કર્યો, અને ટેબલ પર પડેલા કવર પર કંકુ વેર્યું, પછી પલંગ પર આવીને થોડી વાર બેઠાં. હું પણ પલંગ પર તેમની

બાજુમાં જ બેઠો. માતાજીએ "વહાલપની થોડી વાતો કરી કાર્યયજ્ઞ વિશે માર્ગદર્શન આપ્યું. આશીર્વાદ આપ્યા.

થોડી ક્ષણો બાદ પ્રકાશના એક ઝબકારા સાથે મા અદૃશ્ય થઈ ગયાં. વાતાવરણમાં દિવ્યતા અને મંદારની સુવાસ પ્રસરી રહી. થોડી વારે શાતા વળતાં ઘડિયાળમાં જોયું તો સાંજના ૪-૫૦ થયા હતા. માતાજી પંદર મિનિટ સુધી રૂમમાં રોકાયાં.

---

"ઘરનાં સભ્યો અને ઉપસ્થિત અન્ય ભક્તોને પણ માના નૂપુરનો નર્તનયુક્ત અવાજ અને ગુલાબની સુવાસનો અનુભવ થયો.".

---

મારા સમસ્ત અસ્તિત્વમાં છવાયેલા આનંદનો ઉદધિ શમતાં મેં રૂમનો દરવાજો ખોલ્યો. ઘરનાં સભ્યો અને ઉપસ્થિત અન્ય ભક્તો દરવાજા પાસે જ ભાવોર્મિથી ઊભાં હતાં. માના નૂપુરનો નર્તનયુક્ત અવાજ અને મંદાર ગુલાબની સુવાસનો અનુભવ તેમણે માણ્યો હતો.

□



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી